કોરોના વકર્યો, રાજ્યમાં નવા ૭૪૭૬ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ લોકોના મોત : રાજ્યમાં એક્ટિવ કેસનો આંક ૩૭૨૩૮ પર પહોંચી ગયો છે, જે પૈકીના ૩૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં રાજ્યમાં કોરોનાના ઓમીક્રોન વેરિયન્ટની એન્ટ્રી વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૪૭૬ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે રાજ્યમાં આજે નોંધાયેલા કેસનો આંકડો ચિંતાજનક છે કોરોના વાયરસના કેસ વધવાની સાથે આજે ૩ મોત થયા છે. અમદાવાદમાં કોરોનાના કેસ નોંધાયા છે.

આ સાથે જ આજે રાજ્યમાં ૨૭૦૪ દર્દી સાજા થયા છે. અમદાવાદ શહેરમાં ૨૮૬૧ , સુરત શહેરમાં ૧૯૮૮ , વડોદરા શહેરમાં ૫૫૧, વલસાડમાં ૧૮૯ , રાજકોટ શહેરમાં ૨૪૪, ભાવનગર શહેરમાં ૧૩૬, સુરત જિલ્લામાં ૧૩૬, ગાંધીનગર શહેરમાં ૧૩૫, કચ્છમાં ૧૨૧, મહેસાણામાં ૧૦૮, ભરૂચમાં ૯૨, આણંદમાં ૮૮, જામનગર શહેરમાં ૮૨, રાજકોટમાં ૭૫, ખેડામાં ૭૧, નવસારીમાં ૬૯ કેસ નોંધાયા છે. મોરબીમાં ૫૭, સાબરકાંઠામાં ૫૬, વડોદરામાં ૫૫,. ગાંધીનગર, જામનગર જિલ્લામાં ૪૭-૪૭, અમાવાદ, સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૨-૪૨, પંચમહાલમાં ૨૪, જૂનાગઢ શહેરમાં ૨૩, અમરેલીમા, બનાસકાંઠામાં ૨૧-૨૧, મહીસાગરમાં ૨૦, ગીરસોમનાથમાં ૧૯, ભાવનગરમાં ૧૬, દ્વારકામાં ૧૫, દાહોદમાં ૯, નર્મદામાં ૫, અરવલ્લીમાં ૩, જૂનાગઢમાં ૩, તાપીમાં ૩. ડાંગમાં ૧, પોરબંદરમાં ૧ રાજ્યમાં એક્ટિવ કેસનો આંક ૩૭૨૩૮ પર પહોંચી ગયો છે. જે પૈકીના ૩૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે કુલ ૮,૨૮, ૪૦૬, દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે.રાજ્યમાં કુલ મૃત્યુ આંક ૧૦૧૩૨ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના નાગરીકોના વ્યાપક આરોગ્ય હિતમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

આ ફેરફારો આવતીકાલે એટલેકે તારીખ ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૨ થી અમલમાં આવશે અને અને તારીખ ૨૨ મી જાન્યુઆરી ૨૦૨૨ ના સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી અમલમાં અમલમાં રહેશે. કોર કમિટીમાં લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ,ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે. રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે જારી કરવામાં આવેલી ગૃહ વિભાગની માર્ગદર્શિકા ની અન્ય બાબતો આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ ના સવારે ૦૬:૦૦ સુધી અમલમાં રહેશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જિલ્લાના કલોલમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને ધ્યાને લઈ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારીની ચકાસણી માટે આજે કલોલ અર્બન સેન્ટર તેમજ કલોલના કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારની મુલાકાત લીધી હતી તેની તસ્વીર.

શેરથા પાસેથી દારૂ-બિયર ભરેલુ કન્ટેનર ઝડપાયું

કન્ટેનરમાંથી દારૂ-બિયરની ૧૨,૬૩૬ નંગ બોટલ, ટ્રક, મોબાઈલ સહિત રૂ.૨૮ લાખથી વધુનો મુદ્દામાલ એલસીબી પોલીસે કબ્જે કર્યો

ગાંધીનગર,તા.૧૧

રાજસ્થાનની સરહદ પર આવેલી હોટલ તેમજ ઠેકાઓ પરથી ગુજરાતમાં ટ્રકો ભરીને દારૂ ઠલવાય છે. રાજયમાં દારૂ પ્રવેશવા માટે સાબરકાંઠા અને બનાસકાંઠાની

ચેકપોસ્ટોને સોફ્ટ ટાર્ગેટ માનવામાં આવે છે. ત્યારે રાજસ્થાન સરહદે આવેલી હોટલમાંથી રૂ.૧૮ લાખનો દારુનો જથ્થો ભરીને અમદાવાદ તરફ આવી રહેલ કન્ટેનરને એલસીબી પોલીસે શેરથા ટોલટેક્ષ પાસેથી પકડી પાડ્યું હતું. પોલીસે કન્ટેનરમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી કુલ ૧૨,૬૩૬ નંગ બોટલ, ટ્રક, મોબાઈલ ફોન સહિત રૂ.૨૮ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથક વિસ્તારમાં એલસીબીની ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી તે દરમિયાન પીઆઈ જે.એચ.સિંધવને બાતમી મળી હતી કે કન્ટેનર ટ્રકમાં દારૂ-બિયરનો મોટીમાત્રામાં જથ્થો ભરીને કલોલ તેમજ શરેથા થઈને અમદાવાદ તરફ જવાનું છે. જેને પગલે એલસીબી પોલીસના જવાનો શેરથા ટોલટેક્ષ પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે બાતમીવાળુ કન્ટેનર આવતા તેને અટકાવી દીધુ હતું. કન્ટેનરમાં સવાર શ્રવણ કાંતિલાલ મીણા (ઉં.૨૩) અને મહેન્દ્ર ધુળાજી ઠાકોર (ઉં.૨૦) ને સાથે રાખીને કન્ટેનરમાં તપાસ કરતા મોટીમાત્રામાં દારૂ બિયરનો જથ્થો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સ્થળ પર ગણતરી મુશ્કેલ હોવાથી કન્ટેનરને કચેરીએ લાવી બિયર-દારૂની બોટલ નંગ.૧૨,૬૩૬ ની કિંમત રૂ. ૧૮ લાખથી વધુ જથ્થો પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસે બંને શખ્સોની પુછતાછ કરતા રાજસ્થાનની હદમાં આવેલી કોરોના હોટલ પર બોલાવીને મહેન્દ્ર દરજી નામના શખ્સે આ દારૂ ભરેલુ કન્ટેનર આપ્યું હતું. અમદાવાદ સુધી કન્ટેનર આસપાસ અન્ય વ્યકિતઓ પણ રહેશે તેમ જણાવ્યું હતું. જેથી બંન્ને મિત્રો કન્ટેનર લઈને અમદાવાદ તરફ આવવા માટે નીકળ્યા હતા. જે તે સ્થળ પર પહોંચીને મહેન્દ્ર દરજીની સુચના પ્રમાણે અમદાવાદ કન્ટેનરની ડીલીવરી આપવાની હતી. તે પહેલા જ કન્ટેનર ભરેલ દારૂ એલસીબીના હાથે ઝડપાઈ ગયો હતો. જયારે ચાર દિવસ પહેલા પણ કડી ખાતે બંને શખ્સો દારૂના જથ્થાની ડિલીવરી કરવા માટે આવ્યા હોવાની કબુલાત કરી હતી.જયારે પોલીસે રૂ.૧૮ લાખનો દારુ, ૧૦ લાખનું કન્ટેનર ટ્રક, મોબાઈલ ફોન, મળી કુલ રૂ.૨૮ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નવા સેકટરોમાં સ્ટ્રીટલાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી

મુખ્યમાર્ગો પર વાઇબ્રન્ટની રોશની ગાયબ થવાની સાથે સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાથી ઠંડીમાં છવાયેલા સુનકાર વચ્ચે અંધારપટ્ટ : આકરી ઠંડીમાં સાંજ ઢળતા સેકટરોમાં અંધારપટ્ટની સાથે સુનકારથી સેકટરવાસીઓમાં ભયની લાગણી

ગાંધીનગર તા ૮

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગોને ચકાચક બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાતા શહેરની રોનક નિખરી છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં હજુ દુવિધાઓ યથાવત છે. સેકટરોમાં વરસાદી દિવસોના અંતે વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જેના લીધે લટકતી તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઈટ માટે આડશ બની છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટો પણ ઘણાં ઠેકાણે ડુલ રહેતી હોવાથી સેકટરોની સોસાયટી અને કોમન પ્લોટમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. આકરી ઠંડીના દિવસોમાં સાંજના સમયે સેકટરોમાં સુનકાર પ્રવર્તે છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં અજવાળાના અભાવે સ્થાનિકોમાં ભયની લાગણી પ્રવર્તે છે. બંધ સ્ટ્રીટ લાઈટોના મામલે તંત્રએ સર્વે હાથ ધરી યોગ્ય કામગીરી કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

શહેરના સેકટરોમાં ઠેર ઠેર સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. થોડા દિવસો અગાઉ વાઈબ્રન્ટ સમિટની તૈયારીને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો પર થાંભલાઓનુ કલરકામ કરવામાં આવ્યુ હતુ આ દરમિયાન બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાઈબ્રન્ટને અનુલક્ષી ઠેર ઠેર રોશની કરવા માટે પણ આયોજન કરાયુ હતુ. રાત્રિના સમયે નગરને દુલ્હનની જેમ શણગારવા માટે રંગબેરંગી રોશની કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ કોરોનાનુ સંક્રમણ વધતા વાઈબ્રન્ટ સમિટ બંધ રાખવાની જાહેરાતના અંતે રોશની દુર કરી દેવામાં આવી છે.

જયારે અન્ય કામગીરી તરફથી પણ તંત્રનુ ધ્યાન હટી ગયુ છે. આવા સંજોગોમાં શિયાળાની ઠંડીના દિવસોમાં સેકટરોમાં સાંજ ઢળતા જ સુનકાર છવાઈ જાય છે ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સ્થાનિકોમાં વધુ ભય પ્રવર્તયો છે. બંધ સ્ટ્રીટ લાઈટોના લીધે સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડે છે. નવા સેકટરોમાં ખાસ કરીને સે-૩ સી અને સે-૪ માં પણ સ્ટ્રીટ લાઈટના ઘણાં થાંભલા બંધ હોવાની ફરિયાદો ઉઠી છે. જેના લીધે સેકટરોના કોમન ચોકમાં પણ રાત્રિના સમયે અંધારુ છવાયેલુ રહે છે. આકરી ઠંડીના દિવસોમાં આમ પણ સેકટરોમાં ઢળતી સાંજે સન્નાટો છવાઈ જાય છે જયારે સ્ટ્રીટ લાઈટો પણ બંધ રહેતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે.

મહીલાઓ અને બાળકોમાં પણ ભયની લાગણી વ્યાપે છે. સેકટરોમાં કેટલાક ઠેકાણે પોલ્સ ચાલુ છે. જયારે કેટલાક થાંભલા બંધ હાલતમાં છે. આ મામલે તંત્રએ સર્વે હાથ ધરીને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી પણ લાગણી પ્રબળ બની છે. વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક વિસ્તારમાં આમ પણ વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જેના લીધે વૃક્ષોની તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઈટના અજવાળા માટે આડશ બની છે. ત્યારે સ્ટ્રીટ લાઈટને આડશ બનતી ડાળીઓનુ ટ્રીમીંગ કરવા માટે પણ અવારનવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ વાઈબ્રન્ટ દરમિયાન નગરના મુખ્યમાર્ગો પર ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી સેકટરોમાં લાંબા સમયથી લટકતી ભયજનક ડાળીઓ દુર કરવામાં આવી ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. તેમાં સ્ટ્રીટ લાઈટો પણ વારંવાર ડુલ રહેતા સેકટરવાસીઓનો આક્રોશ બેવડાયો છે.

માંડવીના આમલી ડેમમાં બોટ પલટતાં સાતનાં ડૂબ્યા

માંડવીમાં આવેલા આમલી ડેમમાં બોટ પલટી જતાં ૭ લોકો ડૂબ્યા હોવાના સમાચાર મળ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર ડેમના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા દેવગીરી ગામના રહેવાસી નાવમાં બેસી ઘાસ કાપવા જઈ રહ્યા હતા તે દરમિયાન પવન ફૂંકાતા નાવ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨ મૃતદેહ મળી આવ્યા છે તેમજ ૫ લોકોની હજુ શોધખોળ ચાલુ છે. બનાવની જાણ થતાં માંડવી પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. પ્રાપ્ત અહેવાલો અનુસાર ડૂબેલા પૈકી ૪ મહિલા અને ૩ પુરુષ હોવાનું જાણવાવ મળ્યું છે એવી પણ માહિતી સામે આવી રહી છે કે, નાવમાં કુલ ૧૦ લોકો સવાર હતા. દુર્ઘટના બાદ ૩ લોકો તરીને કિનારે પહોંચતા તેમનો જીન બચ્યો હતો, જ્યારે બાકીનાની શોધખોળ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં મૃત્યુઆંક વધે તેવી પણ શક્યતા છે.

પ્રાંતિજ કોરોનામાં મૃત્યુ પામેલ બે ફોટો ગ્રાફરોના પરિવારને સહાય

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના સ્ટુડિયો , ફોટો-વિડીયો ગ્રાફર એસોસિએશન દ્વારા કોરોના મા મૃત્યુ પામેલ એસોસિએશન ના બન્ને સભ્યો ના પરિવારો ને ૫૧૦૦૦ ની સહાય પુરી પાડવામા આવી. પ્રાંતિજ તાલુકા સ્ટુડિયો, ફોટો-ગ્રાફર એસોસિએશન દ્વારા કોરોના ની બીજી લહેર મા એસોસિએશન ના બે સભ્યો ના કોરોનાથી મૃત્યુ પામતા સંજયભાઈ બી.રાવળ તથા મહેન્દ્રસિંહ એફ.ઝાલા નુ દુઃખદ અવસાન થતા બન્ને ફોટો ગ્રાફર મિત્રો ના પરિવારોને સહાય રૂપે એસોસિએશન ના સભ્યો દ્વારા બન્ને ના પરિવારોને ૫૧૦૦૦ હજાર ની સહાય પુરી પાડવામા આવી હતી.

૩૩૦૦ વિદ્યા સહાયકોની ભરતીની જાહેરાત કરાઈ

ડિપ્લોમાં ઇન કર્ન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો નવો અભ્યાસક્રમ મોદીનાં ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરશે

ગાંધીનગર, તા.૧૧

સરકારી પોલિટેક્નિકલમાં ડિપ્લોમાંનો એક નવો અભ્યાસક્રમ ઉમેરવામાં આવ્યો છે. ડિપ્લોમાં ઇન કર્ન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો નવો અભ્યાસક્રમ વડાપ્રધાન મોદીનાં ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરશે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ હજારો યુવાધનને આનો લાભ મળશે. વડનગર, મોરબી, રાજકોટ અને પાલનપુર તથા કન્યાઓની પોલિટેક્નિક કોલેજ સુરત, અમદાવાદ અને ગાંધીનગરને પણ આનો લાભ મળશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલના માર્ગદર્શન હેઠળ અલગ અલગ વિભાગો દ્વારા સંવેદનાથી યુવાનોની ભરતી થાય અને સ્કીલ વિકસે તેવા પ્રયાસો સરકાર સતત કરી રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા પણ ટુંક સમયમાં જ વિદ્યા સહાયકોની ભરતી પણ ટુંક સમયમાં જાહેરાત થશે તેવું પણ જણાવ્યું. આમાં દિવ્યાંગોની ટકાવારી ૩ થી વધારીને ૪ કરવામાં આવી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં આ કાર્યવાહી પુર્ણ કરી દેવાઈ છે. પ્રદીપ પરમાર અને અન્ય વિભાગના અધિકારીઓએ આ કામગીરી ઝડપી થઈ ચુકી છે. ટુંક જ સમયમાં આ ભરતીની જાહેરાત ટુંક સમયમાં થશે. ૩૩૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી ટુંક જ સમયમાં ભરતી થશે. ધોરણ ૧થી ૫માં ૧૩૦૦ થી વધારે વિદ્યા સહાયકો ૬ થી ૮માં ૨ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવશે તેવું જીતુભાઈ વાઘાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. આ મોડુ થવાનું કારણ વહીવટી ગુંચ હોવાના કારણે મોડી પડી હતી. અમારી સરકારે આવતાની સાથે જ આ ભરતી ટુંક સમયમાં આવશે. જેના કારણે ટેટનાં નવા પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ આ ભરતીનો લાભ લઈ શકશે. કોર્ટના આદેશો અને કોર્ટના હુકમો ભુતકાળમાં અલગ અલગ થતા રહે છે અને તેના કારણે અલગ અલગ વિભાગો દ્વારા આ આદેશોનું પાલન થાય છે. સુત્રો અનુસાર આગામી ૧૦ દિવસની અંદર આ અંગેનું અધિકારીક નોટિફિકેશન આવે તેવી શક્યતા છે.

મોટો ઝટકો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વામી પ્રસાદે કહ્યું કે ખેડૂતો, દલિતો, યુવાનો સાથે જે વર્તન કરવામાં આવી રહ્યું છે તે સહન નથી થતું. મેં કેબિનેટની બહારના મંત્રીઓ સાથે પણ વાત કરી પરંતુ કોઈએ સાંભળ્યું નહીં. આવી સ્થિતિમાં તેઓ ભાજપમાં સન્માન વિના રહી શકે તેમ નથી. તેમણે કહ્યું કે રાજીનામું આપતા પહેલા તેમણે સુનીલ બંસલ અને ડેપ્યુટી સીએમ સાથે વાત કરી હતી. સ્વામી પ્રસાદ મૌર્યએ લખ્યું છે કે યોગી કેબિનેટમાં શ્રમ અને રોજગાર અને સંકલન મંત્રી તરીકે, પ્રતિકૂળ સંજોગો અને વિચારધારામાં જીવ્યા છતાં, તેમણે ખૂબ જ સમર્પણ સાથે જવાબદારી નિભાવી છે, પરંતુ દલિત, પછાત, ખેડૂતો, બેરોજગાર યુવાનો અને નાના- નાના અને મધ્યમ વર્ગના વેપારીઓના ઘોર ઉપેક્ષિત વલણને કારણે હું ઉત્તર પ્રદેશના મંત્રીમંડળમાંથી રાજીનામું આપું છું. શાહજહાંપુરના તિલ્હારથી ધારાસભ્ય રોશન લાલ, સ્વામી પ્રસાદ મૌર્યનું રાજીનામું લઈને રાજભવન પહોંચ્યા. રોશન લાલે કહ્યું કે સ્વામી પ્રસાદની તબિયત સારી નથી તેથી તેઓ રાજીનામું લઈને આવ્યા છે. સ્વામી પ્રસાદે કહ્યું કે હવે ૧૦થી ૧૨ વધુ ધારાસભ્યો રાજીનામું આપશે. હું ૧-૨ દિવસમાં મીડિયાને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કરીશ કે, મારે શું કરવાનું છે. કાનપુરના બીજેપી ધારાસભ્ય ભગવતી પ્રસાદ સાગર પણ સ્વામી પ્રસાદ મૌર્યના ઘરે પહોંચ્યા હતા. દાવો કરવામાં આવી રહ્યો છે કે લગભગ ૧૧ ધારાસભ્યો સમાજવાદી પાર્ટીમાં જોડાશે. સ્વામી પ્રસાદ મૌર્ય સાથેનો ફોટો ટ્વીટ કરીને અખિલેશ યાદવે લખ્યું કે સામાજિક ન્યાય અને સમાનતા માટે લડનારા લોકપ્રિય નેતા સ્વામી પ્રસાદ મૌર્ય અને તેમની સાથે આવેલા અન્ય તમામ નેતાઓ, કાર્યકરો અને સમર્થકોનું સપામાં હાર્દિક સ્વાગત અને અભિનંદન! ટિકિટ ન આપવા પર નારાજગીના કારણે રાજીનામું આપવાના સવાલ પર સ્વામી પ્રસાદે કહ્યું કે તે ખોટું છે. તેમણે કહ્યું કે જો ભાજપ તેમનાથી બમણા લોકોને ટિકિટ આપે તો પણ તેઓ જ્યાં સન્માન નથી ત્યાં રહી શકતા નથી. યુપી વિધાનસભા ચૂંટણીમાં કોની સરકાર બની રહી છે તેવા સવાલ પર તેમણે કહ્યું કે તેઓ જ્યાં પણ રહેશે ત્યાં તેમની સરકાર આવશે. તેમણે કહ્યું કે હું ભાજપના કોઈ ખાસ નેતાથી નારાજ નથી. મારી નારાજગી વિચારધારા સાથે છે, ભાજપની વિચારધારા ગરીબો, દલિતો, ખેડૂતો, યુવાનો વિરુદ્ધ છે. હું પાંચ વર્ષ સુધી મર્યાદા સાથે ભાજપમાં રહ્યો. પુત્રી સંઘમિત્રા મૌર્યના પ્રશ્ન પર તેમણે કહ્યું કે આ તેમનો મુદ્દો છે. માત્ર મેં પાર્ટી છોડી છે, તે મારો નિર્ણય છે. તેમણે કહ્યું કે ભાજપે ઘણા લોકોને ઝટકો આપ્યો છે, મેં રાજીનામું આપીને તેમને ઝટકો આપી દીધો તો શું થઈ ગયું?

પૂર્ણ કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ બાકી છે. ગાંધીનગરમાં અગાઉ ત્રણ વર્ષ પુર્વે સમિટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે છેલ્લા ત્રણ વર્ષના અંતે શહેરમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશન તેમજ સફાઈની કામગીરી યોગ્ય રીતે થઈ નથી. કોવિડની મહામારીના કપરા સંજોગોમાં શહેરમાં સર્કલો સહીત માર્ગોની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હતી જયારે વાઈબ્રન્ટ ટાંણે સંક્રમણ વધતા આ કામો હાલ ટલ્લે ચઢયા છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગે પણ વાઈબ્રન્ટના બાકી કામો પુરા કરવા માટે ઉતાવળ ન થાય તેમજ કામગીરીમાં પુરતી ગુણવત્તા જળવાય તેવી સુચના પણ તંત્રના અધિકારીઓને આપી દેવામાં આવી છે. આગામી ઉતારાયણ પર્વ બાદ શહેરમાં બાકી કામો પુરા કરવા માટે કામ શરૂ કરી દેવાશે જો કે જાન્યુઆરી મહીનાના અંત સુધીમાં શહેરમાં વાઈહબ્રન્ટ દરમિયાન શરૂ થયેલા કામો પુરા કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

રચના કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ અને હવે તંત્રએ આ દિશામાં આગળ વધવાનો નિર્ણય કર્યો છે. ઉવારસદ પીએચસી વિસ્તારમાં કોરોનાના કેસો પણ મળી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણ વધ્યુ છે ત્યારે તંત્રએ પણ આ પરિસ્થિતિને પહોંચી વળવા "ઝાઝા હાથ રળિયામણાં"ની કહેવતને યાદ કરી કોરોના વોરિયર્સની ખાસ ટીમો બનાવવાનો નિર્ણય કર્યો છે. જિલ્લામાં ૩૫૦ જેટલા કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. હોસ્પિટલાઈઝેશન ઓછુ છે અને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે કોરોના ગાઈડલાઈન્સનો પણ ચુસ્તતાથી અમલ થાય તેમાટે આ નિર્ણય આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી જિલ્લા પંચાયતે કર્યો છે.

૭ દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બહાર નિકળવાની કે આમ તેમ ફરવાની મંજૂરી નહી મળે.તેમને પહેલા હોમ ક્વોરેન્ટાઈનાં રહેવુ પડશે અને આઠ દિવસ બાદ ટેસ્ટ કરાવવો પડશે. તમામ મુસાફરોએ એર સુવિધા પોર્ટલ પર પોતાની તમામ જાણકારી આપવી પડશે અને ૧૪ દિવસ દરમિયાન ક્યાં ક્યાં મુસાફરી કરી તેની જાણકારી આપવી પડશે. મુસાફરે વિદેશ યાત્રા શરુ કરતા પહેલા મહત્તમ ૭૨ કલાકની અંદર કરેલો આરટી પીસીઆર ટેસ્ટનો રિપોર્ટ અપલોડ કરવો પડશે.તેમણે ક્વોરેન્ટાઈનના તમામ નિયમોનુ પાલન કરવાની ખાત્રી આપવાની રહેશે.ઉપરાંત સાત દિવસના ક્વોરન્ટાઈન બાદ આઠમા દિવસે કરાવેલા કોરોના ટેસ્ટનો રિપોર્ટ પણ એર સુવિધા પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

રાફેલ વિમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જામર્સ, રડાર વોર્નિંગ રિસિવર, સિન્થેટિક અપર્ચર રડાર, ગ્રાઉન્ડ મુવિંગ ટાર્ગેટ ઈન્ડિકેટર, મિસાઈલ એપ્રોચ વોર્નિંગ સિસ્ટમ , અત્યંત હાઈ ફ્રિક્વન્સી રેન્જ ડિકોટ વડે સજ્જ કરાયા છે. ભારતના સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર માટે તાજેતરમાં રાફેલના નેવલ વર્ઝનની પણ નૌસેના દ્વારા ટ્રાયલ લેવામાં આવી હતી.

શીતલહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અચાનક જ વાતાવરણ પલ્ટાના અંતે વરસાદી વાયરો ફુંકાયા બાદ કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૭ ડીગ્રીએ આવી પહોંચતા નગરજનો કોલ્ડવેવની અસરથી બચવા ઘરમાં પુરાઈ ગયા હતા છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી ગયો છે. કોરોનાના વધતા કહેર વચ્ચે ઠંડીએ પણ માથુ ઉંચકતા શહેરીજનો હાલ ઘરમાં જ સલામતી અનુભવી રહ્યા છે. જેના લીધે નગરના જનજીવનમાં પણ સુનકાર વ્યાપેલો જોવા મળે છે. નગરના શોપિંગ બજારમાં પણ બે ચાર કલાકને બાદ કરતા દિવસ દરમિયાન સન્નાટો જોવા મળી રહ્યો છે. હવામાન તજજ્ઞોનાના મતે હજુ બે દિવસ ઠંડીનુ જોર રહેશે ત્યારબાદ આકરી ઠંડીમાં રાહત થશે.

૪૭ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવાસધામ તરીકેની આગવી ઓળખ સાથે વિકાસ પામેલ અડાલજમાંથી આજે પણ ૧૦ કેસ મળતાં તંત્ર ચિંતા સાથે દોડધામ કરતુ નજરે પડ્યુ હતુ. અડાલજ હોટ સ્પોટ બની ઉભરી રહ્યુ છે. અડાલજમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૦ને પાર કરી ગઈ છે. સઘન સર્વેલન્સ માટે અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચના તંત્રએ આપી છે.

આ ઉપરાંત સરઢવ, મોટા ચિલોડા, શિહોલી, એરફોર્સ, આલમપુર અને અંબા ટાઉનશીપમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં આજે ૧૩ કેસ નોંધાયા છે. અદાણી શાંતિગ્રામનો જે વિસ્તાર ધાનજ પી.એચ.સી.માં આવે છે ત્યાં નવ કેસ નોંધાયા છે. અદાણી શાંતિગ્રામનો જાસપુરમાં જે વિસ્તાર છે તે હોટ સ્પોટ તરીકે આવેલ છે.

આજે જાસપુર ઉપરાંત આરસોડિયા સઈજ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી પણ કેસ મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૨ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે હવે ૨૯૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૨૪૭ દર્દીઓ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન ૧૦૫ જેટલા હોવાનું જાણવા મળેલ છે.